# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 18-10-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ ઝારખંડ વિધાનસભા ચૂંટણીનાં પ્રથમ તબક્કા અને ઉત્તરપ્રદેશની પેટાચૂંટણી માટેનું જાહેરનામું આજે બહાર પડશે
- ✓ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુ આજે મલાવીના રાષ્ટ્રપતિ લાઝારસ ચકવેરા સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે એનડીએ સરકાર રાષ્ટ્રની પ્રગતિને આગળ વધારવા પ્રતિબધ્ધ છે
- ✓ કેન્દ્રએ દુશ્મન સંપત્તિના નિકાલ માટેની માર્ગદર્શિકામાં સુધારો કરવાનો આદેશ આપ્યો.
- ✓ આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન તામિલનાડુ, ગુજરાત સહિતનાં રાજ્યોમાં ભારે વરસાદની આગાહી
- ✓ ભારતના અર્જુન એરિગાઇસીનો લંડનમાં રમાયેલી WR ચેસ માસ્ટર્સ કપમાં વિજય

## *JHARKHAND-NOTIFICATION*

**ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે આજે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ તબક્કામાં 13મી નવેમ્બરે 43 બેઠકો પર મતદાન થશે. 25મી ઓક્ટોબર નામાંકન ભરવાની છેલ્લી તારીખ છે. ઉમેદવારો સવારે 11 વાગ્યાથી**

બપોરે 3 વાગ્યા સુધી તેમના નામાંકન દાખલ કરી શકશે. 28મી ઓક્ટોબરના રોજ નામાંકન પત્રોની ચકાસણી કરવામાં આવશે. ઉમેદવારી પાછી ખેંચવાનો છેલ્લો દિવસ આ મહિનાની 30 તારીખ છે. ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી બે તબક્કામાં યોજાઈ રહી છે. બીજા તબક્કાનું મતદાન 20મી નવેમ્બરે થશે અને 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

આ વખતે ભારતીય જનતા પાર્ટી ઓલ ઝારખંડ સ્ટુડન્ટ્સ યુનિયન, જનતા દળ યુનાઈટેડ અને લોક જનશક્તિ પાર્ટી સાથે મળીને ચૂંટણી લડશે. ઝારખંડ મુક્તિ મોરચા કોંગ્રેસ, રાષ્ટ્રીય જનતા દળ અને સીપીઆઈ-એમએલ સાથે મળીને ચૂંટણી લડશે.

ઉત્તર પ્રદેશમાં આજે નવ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી માટે જાહેરનામું બહાર પાડવામાં આવશે. આ મહિનાની 25 તારીખ સુધી નામાંકન ભરી શકાશે. રાજ્યમાં મિલ્કીપુર સિવાય 8 વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ રહી છે.

.................

## *PREZ MALAWI VISIT*

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ આફ્રિકન દેશોની મુલાકાતના બીજા દિવસે મલાવીમાં છે. સુશ્રી મુર્મુ આજે મલાવીના રાષ્ટ્રપતિ લાઝારસ ચકવેરા સાથે દ્વિપક્ષીય બેઠક કરશે અને વિવિધ મુદ્દે પ્રતિનિધિમંડળ સ્તરની બેઠકો પણ યોજાશે. રાષ્ટ્રપતિ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક અને સમાધિની પણ મુલાકાત લેશે. આ દરમિયાન રાષ્ટ્રપતિએ ગઈકાલે સાંજે એક સામુદાયિક કાર્યક્રમમાં ભારતીયમૂળના લોકો સાથે વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિએ ભારતીય સમુદાયને ભારતના દૃષ્ટિકોણમાં સક્રિય ભાગીદાર બનવા વિનંતી કરી હતી.

.................

## *PM-NDA CMs CONCLAVE*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન- NDA રાષ્ટ્રની પ્રગતિને આગળ વધારવા, ગરીબ અને અનુસુચિત જાતીના લોકોને સશક્તિકરણ કરવા માટે પ્રતિબદ્ધ છે. ચંદીગઢમાં NDAના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની બેઠકની અધ્યક્ષતા કર્યા પછી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે આ બેઠકમાં તેમણે સુશાસન અને લોકોના જીવનધોરણના સુધારણા પર વિસ્તૃત ચર્ચા કરી હતી.

ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ અને ગૃહમંત્રી અમિત શાહની સાથે NDA ગઠબંધનના લગભગ 17 મુખ્ય મંત્રી અને 18 નાયબ મુખ્યમંત્રીએ બેઠકમાં ભાગ લીધો હતો.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નડ્ડાએ કહ્યું હતું કે બિન-કોંગ્રેસી સરકારની આ પ્રથમ બેઠક છે જેમાં તમામ પક્ષોએ હાજરી આપી હતી અને કુલ છ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

.................

## *ISRAEL - SINWAR KILLED*

ઈઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ જણાવ્યું છે કે હમાસના વડા યાહ્યા સિનવાર માર્યા ગયા છે, પરંતુ ગાઝામાં ઈઝરાયેલનું યુદ્ધ હજી પૂરું થયું નથી. યાહ્યાને ગયા વર્ષે 7 ઓક્ટોબરે ઈઝરાયેલ પર થયેલા હુમલાનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે. હમાસના વડા યાહ્યા સિનવાર દક્ષિણ ગાઝાના રફાહમાં ઇઝરાયલી દળો સાથેની તકરાર અથડામણમાં માર્યા ગયા છે. જો કે, હમાસે હજુ સુધી તેમના મૃત્યુની પુષ્ટિ કરી નથી. ગઈકાલે ઈઝરાયેલી સેનાએ ગાઝામાં સિનવાર સહિત ત્રણ આતંકવાદીઓને માર્યાની પુષ્ટિ કરી હતી. સિનવાર હમાસના રાજકીય બ્યુરોના વડા હતા. થોડા અઠવાડિયા પહેલા ઇઝરાયલે લેબનોનમાં હવાઈ હુમલામાં હિઝબુલ્લાના વડા હસન નસરાલ્લાહને પણ માર્યા હતા.

.................

## CENTRE- ENEMY PROPERTY

કેન્દ્રએ દુશ્મન સંપત્તિના નિકાલ માટેની માર્ગદર્શિકા, 2018 માટેના માર્ગદર્શિકામાં સુધારો કરવાનો આદેશ જાહેર કર્યો છે. ગૃહ મંત્રાલયે એક સૂચનામાં જાહેરાત કરી છે કે સુધારેલી માર્ગદર્શિકાને હવે દુશ્મન સંપત્તિના નિકાલ માટેની માર્ગદર્શિકા (સુધારા) ઓર્ડર, 2024 કહેવામાં આવશે. આ હેઠળ, ગ્રામીણ વિસ્તારોમાં 1 કરોડ રૂપિયાથી ઓછી અને શહેરી વિસ્તારોમાં 5 કરોડ રૂપિયાથી ઓછી કિંમતની મિલકતો પહેલા હાલના રહેવાસીઓને ખરીદી માટે ઓફર કરવામાં આવશે. સુધારામાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોની વ્યાખ્યાઓ પણ સ્પષ્ટ કરવામાં આવી છે.

.................

## MINISTER OF STATE FOR FOREIGN AFFAIRS, INDONESIA

વિદેશ રાજ્ય મંત્રી પવિત્રા માર્ગારીટા આવતીકાલથી બે દિવસની ઈન્ડોનેશિયાની મુલાકાતે જશે. તેઓ રવિવારે રાજધાની જાકાર્તામાં રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો અને ઉપરાષ્ટ્રપતિ જિબ્રાન રાકાબુમિંગ રાકાના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપશે.

ભારત અને ઈન્ડોનેશિયા આ વર્ષે એક્ટ ઈસ્ટની 75મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે - વિદેશ મંત્રાલયે કહ્યું કે શપથ ગ્રહણ સમારોહમાં સુશ્રી માર્ગારિટાની ભાગીદારી ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત કરવાના ભારતના સંકલ્પને દર્શાવે છે.

.................

## TRAIN RESERVATION

ભારતીય રેલવેએ ટ્રેનમાં અગાઉથી થતા રિઝર્વેશન માટેની સમયમર્યાદા હાલનાં 120 દિવસથી ઘટાડીને 60 દિવસ કરી છે. એક પરિપત્રમાં રેલવેએ જણાવ્યું

છે કે, નવો નિયમ 1 નવેમ્બરથી અમલી બનશે. પ્રવાસીઓ 31 ઓક્ટોબર સુધી પ્રવાસની તારીખનાં 120 દિવસ પહેલાં બુકિંગ કરાવી શકશે અને 60 દિવસ ઉપરાંતનાં થયેલા એડવાન્સ બુકિંગને રદ કરી શકાશે. તાજ એક્સપ્રેસ અને ગોમતી એક્સપ્રેસ જેવી દિવસનાં સમયે ચાલતી એક્સપ્રેસ ટ્રેનમાં હાલનાં ટૂંકા એડવાન્સ રીઝર્વેશન સમયમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત, વિદેશી પર્યટકો માટે 365 દિવસની મર્યાદામાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

.................

## *MANDAVIYA SPORTS BILL*

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ રાષ્ટ્રીય રમત પ્રશાસન બિલના ડ્રાફ્ટ પર ચર્ચા કરવા માટે તમામ હિતધારકો સાથે ગઈકાલે બેઠક યોજી હતી. તેમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશન, રાષ્ટ્રીય ખેલ મહાસંઘ અને રાષ્ટ્રીય ખેલ સંવર્ધન સંગઠનનો સમાવેશ થાય છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં , મંત્રીએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર ભારતને રમતગમતમાં અગ્રેસર બનાવવા અને ખેલાડીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે.

.................

## *IMD-WEATHER*

ભારતીય હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી બેથી ત્રણ દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુંચેરી, કરાઈકલ, દક્ષિણ આંતરિક કર્ણાટક અને ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 5 દિવસ દરમિયાન કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર, તમિલનાડુ, તટીય આંધ્રપ્રદેશ, યાનમ, રાયલસીમા અને તેલંગાણામાં છૂટાછવાયા હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

.................

## *ARJUN WR CHESS MASTERS*

ભારતના અર્જુન એરિગાઈસીએ ગઈકાલે લંડન ખાતે ફાઇનલમાં મેક્સિમ વાચિયર-લાગ્રેવને હરાવીને WR ચેસ માસ્ટર્સ કપ જીત્યો છે. બે ક્લાસિકલ રમતો ડ્રો કર્યા પછી, અર્જુને સમયના ટાઈબ્રેકરમાં બ્લેક સાથે જીત મેળવી છે. આ 16 ખેલાડીઓની નોકઆઉટ ટુર્નામેન્ટ જીતીને, અર્જુન હવે FIDE સર્કિટનું નેતૃત્વ કરી રહ્યો છે. તે હવે પછી સર્બિયામાં આ રવિવારથી શરૂ થતા યુરોપિયન ચેસ ક્લબ કપમાં ભાગ લેશે.

.................

## *SAFF*

SAFF મહિલા ફૂટબોલ સ્પર્ધામાં, ભારતે ગઈકાલે નેપાળના કાઠમંડુ ખાતે પાકિસ્તાનને 5-2થી હરાવ્યું. ભારતીય સુકાની લોઇટોંગબમ આશાલતા દેવીની આ 100મી મેચ હતી. મેચમાં સ્ટ્રાઈકર નંગગોમ બાલા દેવીએ પોતાનો 50મો ગોલ કર્યો હતો. આ સિદ્ધિ મેળવનારી તે પ્રથમ ભારતીય મહિલા ફૂટબોલર છે.

ભારતની આગામી મેચ 23 ઓક્ટોબરે બાંગ્લાદેશ સામે થશે. ફાઈનલ 30 ઓક્ટોબરે રમાશે. ગ્રુપ Aમાં ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશ છે. ગ્રુપ બીમાં યજમાન નેપાળ, ભૂતાન, માલદીવ્સ અને શ્રીલંકાનો સમાવેશ થાય છે.

.................

## *CRICKET - IND NZ*

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટના ત્રીજા દિવસે આજે સવારે મેચ ફરી શરૂ થશે. બીજા દિવસે ન્યુઝીલેન્ડે 3 વિકેટે 180 રન બનાવ્યા હતા. કિવિઝ માટે ડેવોન કોનવેએ 91 રન બનાવ્યા હતા.ન્યૂઝીલેન્ડ હાલમાં યજમાન ટીમ સામે 134 રનથી આગળ છે.

આ પહેલા ભારતીય ટીમ પ્રથમ દાવમાં માત્ર 46 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારત માટે આ ત્રીજો સૌથી ઓછો ટેસ્ટ સ્કોર છે યજમાન ટીમ તરફથી રિષભ પંતે સૌથી વધુ 20 રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલે 13 રન બનાવ્યા હતા.

.................

## *DEBRAJ ROY DEMIES*

અભિનેતા દેબરાજ રોયનું 69 વર્ષની વયે કોલકાતાની એક ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે. બંગાળી સિનેમા અને દૂરદર્શન ઉપરાંત દેબરાજ રોય ઓલ ઈન્ડિયા રેડિયો સાથે પણ સંકળાયેલા હતા. તેમણે 1970માં સત્યજીત રેની ફિલ્મ પ્રતિદ્વંદીથી પોતાની ફિલ્મી સફર શરૂ કરી હતી. દેબરાજ રોયે તરુણ મજુમદાર, વિભૂતિ લાહા અને તપન સિંહા જેવા પ્રખ્યાત નિર્દેશકો સાથે કામ કર્યું છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ....

- આજના અખબારોએ ગાઝાની સ્કુલ પર ઇઝરાયેલી હુમલામાં 28 બાળકોના મોત, ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ટેસ્ટ મેચમાં ભારતનો નબળો દેખાવ, અને ગત વર્ષે ઇઝરાયેલ પર થયેલા હુમલાના સુત્રધાર અને હમાસ સંગઠનના નેતા

યાહ્યા સિનવારની ઇઝરાયેલી દળો દ્વારા હત્યાના સમાચારો પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

- ગુજરાત સમાચારની હેડલાઈન છે - નિજ્જર હત્યામાં સંડોવણીના ભારત પર ખોટા આરોપ મુકનાર ટ્રુડોની પોલ ખુલી
- ઇન્ડિયન એક્સપ્રેસે છત્રપતિ શિવાજી મહારાજના નામથી જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીમાં સેન્ટર ઓફ એક્સલેન્સ શરૂ કરવાના સમાચારને પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- સંદેશ હેડલાઈનમાં લખે છે કે, સોનાની શેરબજાર સાથે હરીફાઈ – સોનું 79 હજાર 300 નવી ટોચે
- દિવ્ય ભાસ્કરનો વિશેષ અહેવાલ જણાવે છે કે, અમદાવાદ સહિતના શહેરોમાં 200 નકલી કંપની મારફતે 50 હજાર કરોડ રૂપિયાનું જી.એસ.ટી. કૌભાંડ - એક સાથે 23 સ્થળે ઇડીના દરોડા
- રાજસ્થાન પત્રિકાએ ગુજરાતના ઓખાથી નવલખી સમુદ્રી ક્ષેત્રમાં 498 ડોલ્ફિન સહિત કુલ 680 ડોલ્ફિન હોવાના અહેવાલ પ્રથમ પાને પ્રસિદ્ધ કર્યા છે.
- સુપ્રીમ કોર્ટે આસામમાં ગેરકાનુની રીતે પ્રવેશેલા પ્રવાસીઓને ધારા 6 – એ મારફતે મળેલી નાગરીકતાને માન્ય ઠેરવી. આ સમાચાર કુલછાબના પ્રથમ પાને

--------------